

હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ લાવ... વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. —પૂજ્ય ગુરુદેવશ્રી

# સંતોની કરુણા

રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છે! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો! તારી દૃષ્ટિ મૂઢ છે. રાગમાં સુખબુદ્ધિ છે તેથી આનંદકંદ પ્રભુ ઢંકાઈ ગયો છે. રાગના વિકલ્પમાં સુખ છે, મજા છે એમ માનનારને સ્વભાવભાવ ઢંકાઈ ગયો છે. બીજી રીતે રાગ છે તે અજીવ છે, એ અજીવભાવમાં રોકાવાથી તેને જીવભાવ ઢંકાઈ ગયો છે રાગને જે દેખે છે તે અજીવને દેખે છે, અચેતનને દેખે છે. રાગ છે તે ચૈતન્યરૂપી સૂર્યનું કિરણ નથી એ કારણે રાગને અચેતન કહીને પુદ્ગલ કહ્યો છે. સાંભળવાનો જે રાગ છે એ રાગ પણ પુદ્ગલ છે. એ ચૈતન્ય સ્વભાવથી વિપરીત સ્વભાવ છે. હે દુરાત્મન્! તું એ પુદ્ગલને તારો કેમ માને છે? એક બાજુ ૭૨ મી ગાથામાં 'ભગવાન' કહ્યો. અહીં રાગને પોતાનો મારનારને, રાગ કરતાં કરતાં કલ્યાણ થઈ જાય એમ માનનારને સંતોએ રે દુરાત્મન્! રે આત્માનો ઘાત કરનાર!—એમ કહ્યું રાગના કણને પોતાનો માનનાર આત્મઘાતક છે. રાગની વૃત્તિનો જેને રાગ છે તે આત્માનો ઘાત કરનારા છે. તેથી કરુણાથી સંતો અપ્રતિબુદ્ધને કહે છે કે રે આત્માઘાતી! તેં આત્માના શુદ્ધ સ્વભાવનો અનાદર કર્યો માટે આત્માનો ઘાત કર્યો છે. શાસ્ત્ર શ્રવણનો રાગ હો કે શાસ્ત્ર વાંચનનો રાગ હો પણ એ પુદ્ગલ છે. તેમાં ચૈતન્યના પ્રવાહ ન આવ્યા. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ભગવાન ચૈતન્યના પ્રવાહ આવ્યા છે પણ દયા–દાન આદિના રાગમાં ચૈતન્યના રસનો અંશ પણ નથી આવ્યો ને તેને તું તારા માનીને ત્યાં રોકાઈ ગયો માટે તું આત્મઘાતી છો. રાગ છે તે પુદ્ગલ છે, એ પુદ્ગલને પોતાના માનનારા આનંદના નાથનો ઘાત કરે છે. સંતોની કરુણા તો જુઓ! 'રે આત્મઘાતી!' આહાહા! દયા–દાન આદિ રાગ છે એ રાગની વૃત્તિને તું પોતાના માને છો ને સત્ સ્વરૂપ ભગવાનનો તું અનાદર કરે છો માટે તું આત્મઘાતી છો! મહાપ્રભુ જ્ઞાતા–દૃષ્ટાના અસ્તિત્વનો તેં ઘાત કર્યો છે ને રાગના આદરથી તેં પુદ્ગલમય તારું જીવન કર્યું છે. જેમ હાથી લાડવા આદિ સ્વાદિષ્ટ ભોજનને પડસા–તૃણ સહિત ખાઈ જાય છે તેમ રાગના સ્વાદનો આસ્વાદ લેવાનું તું છોડ, છોડ. રાગ મારો છે, એવો અનુભવ તું છોડ, છોડ. જેને તું ધર્મ માને છો એ દયા–દાન આદિ રાગ છે, પુદ્ગલ છે, અચેતન છે, તેને મારા માનવાનું તું છોડી દે. સુખી થવું હોય ને ધર્મપંથમાં જવું હોય તો એમ માનવું છોડી દે. કેમ કે સમસ્ત વિશ્વને પ્રકાશનારા સર્વજ્ઞદેવે જીવને ઉપયોગસ્વરૂપ દેખ્યો છે તે પુદ્ગલદ્રવ્યરૂપ કેમ

( અનુસંધાન માટે જુઓ પાનું ૧૬ )

કહાન
સંવત–૫
વર્ષ–૪૨
અંક–૫
[ ૫૦૫ ]

વીર
સંવત
૨૫૧૨
A. D. 1985
NOV.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

મંગલ આશીર્વચન

## * તારા પરમાત્મસ્વરૂપની ધૂન લગાવ *

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ–મન–વાણી ઉદયભાવ તો નથી જ, રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમવટ જામી છે, આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા! પોતાને પામર....પામર...પામર માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. હું માણસ છું ને ઢોર છું, રોગી છું, ભોગી છું, ભીખારી છું એવું દીનપણું માની લીધું છે તેને અંદરનું પરમાત્મપણું બેસવું કઠણ પડે છે. પણ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## સંતોના મંગલ-આશીર્વચન:—

અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે
શ્રોતાઓ પણ સિદ્ધપણાને પામશે જ

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસાર શાસ્ત્રની પહેલી ગાથા ઉપર અધ્યાત્મ ઘોલનની મસ્તીથી ખૂબ જ ભાવવાહી શૈલી દ્વારા શ્રી કુંદકુંદદેવના તથા શ્રી અમૃતચંદ્રદેવના ઊંડા ભાવોનું શ્રોતાઓને અમૃતપાન કરાવતાં આશીર્વચનરૂપે પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું હતું કે આચાર્યદેવ એમ કહે છે કે જે અનંતા અનંતા સિદ્ધો થઈ ગયા તેને મારી અને શ્રોતાની પર્યાયમાં સ્થાપું છું. પ્રભુ! મારી પર્યાયમાં આપ પધારો, મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. અનંત સિદ્ધોને મારી ને તારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે એવી તાકાતવાળી છે. જેમ વાર-કવાર હોય ને આગળના શુભદિને પસ્તાનું મૂકે તેમ અત્યારે વાર-કવાર-પંચમકાળ હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂકયું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીયે છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ—એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. આચાર્ય મહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો. આહાહા! કોણ જાણે આ ગાથામાં શું શું ભર્યું છે! કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત્ સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમયપ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ—એમ હે શ્રોતા! તું નિઃસંદેહ જાણ. આહાહા! જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે! પ્રભુ! તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો, હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ! આપ મારી પર્યાયમાં પધારો,

પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. એ રીતે સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને શુદ્ધાત્માને કહીશ તેથી તેને લક્ષમાં રાખીને અમારી વાત સાંભળજે— એમ આચાર્ય મહારાજ મંગલિકરૂપે પહેલી ગાથા કહે છે.

[ શ્રી સમયસાર ગાથા–૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉલ્લાસભર્યા પ્રવચનમાંથી ]

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વ સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી ભાષિત સમયપ્રાભૃત અહો. ૧.

અહીં ટીકામાં પ્રથમ શબ્દ અથ મૂકયો છે તે મંગળને અર્થે છે એટલે કે હવે સાધક ધર્મની શરૂઆત થાય છે. અનંતકાળથી જે સાધકસ્વરૂપનું ભાન નહોતું એવું સાધકપણું એ શરૂ થાય છે. સાધકપણાની નવી શરૂઆત થાય છે તેનું નામ મોક્ષમાર્ગ છે અને તે જ માંગલિક છે. મૂળ પાઠમાં 'वंदित्तु सव्वसिद्धे' શબ્દ પડયો છે તેમાંથી અનંત સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપું છું ને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું એમ કહીને આદિ રહિત અનાદિના સિદ્ધો છે તેમ સિદ્ધ કર્યું. જેમ આકાશના પ્રદેશનું શું માપ? એ ક્ષેત્રની બેહદ મર્યાદાની શી વાત? તેમ સંસારી અને સિદ્ધો અનાદિના છે. આકાશના ક્ષેત્રનું માપ જ ન આવે, અલોક અલોક અલોક છે તેમ સમુદાયપણે અનંતા સિદ્ધો પણ અનાદિના છે.

સિદ્ધ પણ એક નથી પણ અનંત સિદ્ધ છે, તે સર્વ સિદ્ધોને હું મારી પર્યાયમાં સ્થાપું છું, મારી જ્ઞાનની પર્યાયમાં આદર કરું છું. મારી જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે ને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે તે મને ખ્યાલમાં છે છતાં તે અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે તેથી જ્ઞાનની પર્યાયમાં અનંત સિદ્ધોનો આદર કરું છું, એટલે વંદન કરું છું એટલે કે પોતાની પર્યાયમાં સ્થાપું છું. કેવી રીતે?—કે ભાવસ્તુતિથી ને દ્રવ્યસ્તુતિથી સ્થાપું છું.

મારો આત્મા આરાધ્ય અને હું આરાધક, ત્રિકાળી વસ્તુ આરાધ્ય અને નિર્વિકલ્પ શાંતિ તે આરાધક એવી જે નિર્વિકલ્પ સમાધિ તે ભાવસ્તુતિ છે. ભાઈ! સંસાર ભૂલી જાય, રાગ પણ ભૂલી જાય એવી આ વાત છે. કુંદકુંદાચાર્યદેવે वंदित्तु सव्वसिद्धे શબ્દમાં જે ભાવ ભર્યો છે તેને હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્યદેવ બહાર કાઢે છે. કેમ કે જ્યાં સમ્યગ્દર્શન–જ્ઞાનની કળા ખીલી છે તે કળા બધાને કળી લે છે. સર્વ સિદ્ધોને કહીને પરમાત્મા થતાં બધા એક જ આત્મા થઈ જાય છે તે વાતનો નિષેધ કર્યો છે.

* પ્રભુ! મારી પર્યાયમાં પધારો, *

મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે.

સર્વ સિદ્ધોને એટલે સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને પધરાવું છું મારી

અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધોને બેસાડું છું. પ્રભુ! મારી પર્યાયમાં પધારો, મારી પર્યાય આપને રાખવા જેવી લાયક છે. મારી અલ્પજ્ઞ પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધો |છે તેને રાખી શકે. પરદ્રવ્ય-સિદ્ધો છે તેને એકલો દ્રવ્ય નમસ્કાર કર્યો છે તેમ નહીં પણ મારો ભાવનમસ્કાર ભેગો છે. આરાધ્ય તે હું અને આરાધક પણ હું એવી ભાવસ્તુતિથી હું મારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપુ છું, વંદન કરૂં છું.

અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે છે. અનંત સર્વજ્ઞોને કબૂલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. હું ભાવસ્તુતિથી તો સિદ્ધોને સ્થાપું છું પણ વિકલ્પ દ્વારા પણ પર્યાયમાં તેમને સ્થાપું છું—એમ કુંદકુંદાચાર્યે જે ભાવ પાઠમાં ભર્યો છે તેને અમૃતચંદ્રાચાર્યદેવ સ્પષ્ટ તર્કથી ખોલે છે. ભાવસ્તુતિથી એટલે કે મારી પર્યાયમાં-નિર્વિકલ્પ દશામાં તેમને સ્થાપું છું ને વિકલ્પની દશામાં પણ તેમને વંદન કરું છું એટલે કે વિકલ્પમાં પણ અનંતા સિદ્ધો છે તેમને સ્થાપું છું.

## વાર-કવાર (-પંચમકાળ) હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂકયું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ

અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂકયું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પદશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમ કે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે. ભલે અજ્ઞાની છે છતાં કહે છે કે શ્રોતા તરીકે સાંભળવા આવ્યો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બંને સ્થાપે છે ને!

## શ્રોતાઓમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે એ ટોળી પણ સિદ્ધપણાને પામશે જ.

આહાહા! સિદ્ધને નીચે ઉતાર્યા છે! સિદ્ધ તો ત્યાં છે પણ પ્રભુ! આપ અમારાથી હવે દૂર ન રહી શકો. અહીં તો શ્રોતાને માટે પણ એટલું જોર આપે છે. એવા જ શ્રોતાને શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે કે તે સિદ્ધનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે તેથી તેઓ અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપી શકે એટલી યોગ્યતા

અમે જોઈએ છીએ. પરના આત્માની પર્યાયમાં સિદ્ધોને સ્થાપે છે. એવા જ શ્રોતાઓને લીધા છે કે જે પર્યાયમાં અનંતા સિદ્ધોને સંઘરી શકશે, જેની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે ને પર્યાયમાં તેનો આદર કરી શકશે—એવા શ્રોતાને શ્રોતાઓ તરીકે લીધા છે. તે શ્રોતાઓમાં પણ જ્યારે અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ ટોળી પણ સિદ્ધપણાને પામશે. નહીં પામે એ સવાલ અમારી પાસે છે જ નહીં.

સર્વજ્ઞના અસ્તિત્વને પર્યાયમાં સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે. સિદ્ધનું લક્ષ કરીને સાંભળજે. તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું—મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો! અને તું પણ તેમ જોઈ શકે છો! આહાહા! 'वंदित्तु सव्वसिद्धे' નો આ ભાવ તો જુઓ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ. તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ. તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. અને સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે.

અમારો પ્રભુ સર્વજ્ઞસ્વભાવી છે અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે એ હવે બહાર નહીં જઈ શકે. અમારો આત્મા સિદ્ધથી બહાર નહીં રહી શકે. કોણ જાણે આમાં અંદર શું ભર્યું છે! એ રીતે કહેનાર ને સાંભળનાર બંનેના આત્મામાં સિદ્ધોને સ્થાપીને શું કહેવું છે?—કે સમયનામનું પ્રાભૃત અર્થાત્ શુદ્ધાત્માને કહેવો છે. તેથી તેના લક્ષમાં રહીને હવે અમારી વાત સાંભળ.

મારા ક્ષયોપશમમાં જે જ્ઞાનની દશા ઊઘડી છે તે દ્વારા એટલે કે ભાવવચનથી હું સમયપ્રાભૃત કહીશ. ભાવવચન એટલે વિકલ્પ નહીં પણ જે ઊઘડેલું જ્ઞાન છે તે ભાવવચન છે અને તેની સાથે દ્રવ્યવચન—વિકલ્પ આદિ છે. ભાવવચનની સાથે દ્રવ્યવચન આદિ છે તેનાથી જે પુણ્ય બંધાશે તેનાથી ભવિષ્યનો બધો સંયોગ ધર્મનો જ મળશે. દ્રવ્યસ્તુતિ છે ને! તેથી અમે ભગવાન પાસે, ગણધરો પાસે, સંતો પાસે, જ્યાં આ વાણી છે ત્યાં અમારૂં પૂરૂં કરવા ભવિષ્યમાં જવાના. ભાવથી તો અમે વર્તમાન નિર્વિકલ્પ સમાધિથી સિદ્ધોની સ્તુતિ કરીએ છીએ પણ વિકલ્પથી પણ કરીએ છીએ. કારણ કે અમને ખબર છે કે આ ભવમાં સર્વજ્ઞપણું નથી, તે સ્થાપીએ છીએ પણ આ પર્યાયમાં સર્વજ્ઞપણું આ ભવે નહીં થાય એમ અમને ખબર છે તેથી વિકલ્પની સ્તુતિમાં એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, શ્રુતકેવળી હશે એવા સંયોગ મળશે. સ્વભાવની ધારાથી સ્વભાવ પૂરણ થશે અને વિકલ્પની ધારાથી પૂરણને સમજાવનાર સંયોગ પ્રાપ્ત થશે.

કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા અને તેથી સમકિતની દશા ભલે ક્ષાયિક ન હોય પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા હો પણ અમૃતચંદ્રાચાર્યદેવ તો ભગવાન પાસે ગયા ન હતા ને?—કે સાંભળ, અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ.

ભાવ અને દ્રવ્યને સ્થાપીને સમયપ્રાભૃતનું ભાવવચન ને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીયે છીએ. જ્યાં જ્યાં જે જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું, શાસ્ત્રનું રચવું તેનું નામ પરિભાષણ. જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે એને યોગ્ય જે શબ્દો હોય તે-ઠેકાણે તે રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીને માટે અહીં કહીએ છીએ, અમે પંચમ આરામાં છીએ તો તેને યોગ્ય પરિભાષણ થશે. અમે છદ્મસ્થ છીએ, શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એવું એમને પૂરું થઈ ગયું છે. જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે—ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને અંદરમાં ભાસ્યું છે તે શરૂ કરીએ છીએ. તેથી તો આગળ કહ્યું કે હું દેખાડીશ, દેખાડીશ તો, તું શ્રોતા તરીકે આવ્યો છો, સિદ્ધને સ્થાપ્યા છે તો અનુભવથી પ્રમાણ કરજે.

આવું શાસ્ત્ર અહો !-શ્રુતકેવળીએ કહેલું છે તે કહીએ છીએ. શ્રુતકેવળીએ કહેલાં શાસ્ત્રને કહીશ. જેને કહીશ તેમાં સિદ્ધપણું સ્થાપું છું કેમકે તે બધા સિદ્ધપણું પામશે જ. થોડા વહેલા મોડા પણ સિદ્ધપણું પામશે જ. કેવળીએ કહેલું ને શ્રુતકેવળીએ કહેલું અહો ! આ કહીશ. ત્રણલોકના નાથે કહેલું હું કહીશ. સાક્ષાત્ ભગવાને કહ્યું તે મેં સાંભળ્યું ને શ્રુતકેવળી સાથે ચર્ચ્યું હતું તે હું કહીશ. ભગવાને કહ્યું તે હું કહીશ એટલે કે પોતે ભગવાન પાસે ગયા હતા એ આવી ગયું. વાણી તો વાણીના યોગે નીકળશે, પણ મારો જ્ઞાનભાવ છે તેને અનુલક્ષીને વાણી થશે. ભગવાન પાસે સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે જાણ્યું છે તેને અનુસારે વાણી નીકળશે.

શરૂ કરીએ છીએ એમ કહ્યું અને એમને તો શરૂ કર્યું એ પૂરું થઈ ગયું છે. મોક્ષમાર્ગપ્રકાશક પૂરું ન થયું. આચાર્યદેવ કહે છે કે હું શરૂ કરું છું. वोच्छामि શબ્દમાંથી હું કહું છું—એનો ભાવ અમૃતચંદ્રાચાર્યદેવે એ કાઢયો કે હું શરૂ કરીશ એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. હું સમયસાર કહીશ એમ કુંદકુંદાચાર્યદેવે ન કહેતાં હું શરૂ કરીશ એમ કહ્યું છે. એવો જે ભાવ वोच्छामि માં ભર્યો છે એ ભાવ અમૃતચંદ્રાચાર્યે બહાર કાઢયો છે.

**તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞસ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ —એમ તું નિઃસંદેહ જાણ!**

પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે અલ્પજ્ઞપણે રહી શકશે નહીં. હવે સર્વજ્ઞસ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે ભવિ હશું કે અભવિ હશું?—એ વાત રહેવા દે! કોણે કહી એ તને? ભવિ-અભવિ માર્ગણાનો નિષેધ કર્યો છે. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ-અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં. જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! વિશ્વાસ કરજે, અંદર વિશ્વાસ કરજે કે આ આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે અને પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે કે તમે બધા શ્રોતાઓ સિદ્ધપદને થવાને લાયક છો હો! તેથી તમારામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ, અને અમે એ વાત શરૂ કરીએ છીએ, એટલે કે તારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે.

જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે. પ્રભુ તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ આપ મારી પર્યાયમાં પધારો પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. આહાહા! એક એક અક્ષરમાં કેટલો મર્મ ભર્યો છે.

હવે એ સિદ્ધ ભગવંતો કેવા છે? પોતાની પર્યાયમાં ને સામાની પર્યાયમાં જે સિદ્ધ ભગવંતો સ્થાપ્યા તે કેવા છે?—કે એ સિદ્ધભગવંતો પોતાનો આત્મા જે સાધ્ય છે તેના સ્થાનમાં છે એટલે કે સાધ્ય આત્માના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધ ભગવંતો છે. 'પ્રભુ! તમે પૂરણ છો' ત્યાં સામો અવાજ આવે છે—પ્રતિચ્છંદ આવે છે કે 'પ્રભુ! તું પૂરણ છો.' 'પ્રભુ તમે પૂરણ આનંદના નાથ છો' ત્યાં સામો ધડાકા કરતો અવાજ આવે કે 'પ્રભુ! તું આનંદનો નાથ છો' જેટલા વિશેષણો સિદ્ધને માટે કહેવામાં આવે તેનો સામો અવાજ આવે છે કે તું તેવો છે. આત્મા સાધ્ય છે ને સિદ્ધ ભગવંતો તેના પ્રતિચ્છંદના સ્થાને છે તેથી સંસારી ભવ્ય જીવો 'સિદ્ધ જેવા છે તેવો જ હું છું, મારી જાતમાં ને પ્રભુની જાતમાં ફેર નથી'—એમ સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને તે સમાન થઈ જાય છે. પોતાના સ્વરૂપને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, તેનો રસ લઈને, તેના જેવો થઈ જાય છે. અહીં ન થાય એવો પ્રશ્ન છે જ નહીં. સાધ્ય આત્માના પ્રતિછંદના સ્થાને સિદ્ધો છે, તેમના સ્વરૂપનું ચિંતવન કરીને, અંતરના પૂરણ સ્વભાવને ધ્યાવીને,

આનંદને પીને સિદ્ધના જેવો થઈ જાય છે. સંતોની વાણી અમર થવાની અમર વાણી છે. એ વાણી અફર છે એમ તને સિદ્ધપણું થાય એ અફર રહેવાની વાત છે. સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને સિદ્ધ સમાન થઈ જાય છે. અમે સિદ્ધનું વંદન ને આદર કેમ કર્યો?—કે તેમનું ચિંતવન કરીને તેમના જેવું જ પોતાનું સ્વરૂપ છે.—એમ ધ્યાવીને તેમના જેવા થઈ જાય છે માટે તેમને આત્મામાં સ્થાપ્યા છે; તેને વંદન કહેવામાં આવે છે. અમારી ને તારી પર્યાયમાં સિદ્ધને સ્થાપ્યા છે તેથી સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને તેના જેવું અમારું સ્વરૂપ છે તેમ ધ્યાન કરીને તેમના જેવા થઈને દુઃખરૂપ ચારે ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ—મોક્ષ તેને પામે છે. પંચમગતિ છે તે પર્યાય છે, એ મોક્ષગતિને તે પામે છે. શક્તિરૂપે સિદ્ધ હતો પણ પર્યાયરૂપે ન હતો—એવી અભૂતપૂર્વ મોક્ષગતિને પામશે, પામશે જ.

—*—

## પ્રભો! આ વાત આપની જ છે!

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ નિયમસારમાં કહે છે કે 'સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ એવા મેં જિનેશ્વરદેવની આ વાત, પૂર્વાપર વિરોધ આદિ સૌ દોષ રહિત જાણીને કહી છે.' અને ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારી-દેવ ટીકા કરતાં કહે છે કે 'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાએલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?' અર્થાત્ આ શાસ્ત્રની ટીકામાં કહેલાં ભાવોનું—વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણ-પરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણમિક-ભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષપર્યાયરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કરીને આશ્રય કરવા યોગ્ય નથી—એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે.

—અત્યંત પ્રસન્નતાપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રીના અંતરસ્પર્શી હૃદયોદ્ગાર

તા. ૭–૧૨–૭૫

સંતો કહે છે કે અમે ભગવાનને અનુસરીને તને કહીએ છીએ કે

# તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો —એમ નિઃસંદેહ થા.

[ શ્રી નિયમસાર ગાથા ૧૧૦ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદનો અનાદિશાંત ભાવ કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે. તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીયે છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા.

અમે તને કહીયે છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીયે છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે-પણે પરિણમવાને લાયક જ છો.

અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા!

છે કર્મતરુમૂલ છેદનું સામર્થ્ય જે પરિણામમાં,<br>
સ્વાધીન સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

## * નિત્યનિગોદના જીવને પણ સ્વભાવપણે પરિણમવાની તાકાત છે *

આ આત્માનો જે પંચમ પરમભાવ છે તે, નિત્યનિગોદના જીવને પણ શુદ્ધ નિશ્ચયથી તે પરમભાવ છે. અભવી જીવને વસ્તુ છે પણ આશ્રય નથી તેથી તેને લાયક નથી, પરંતુ નિગોદના જીવમાં એમ નથી, નિગોદનો જીવ તેને લાયક છે. આત્માનું

જે સત્ત્વ છે તે નિત્યનિગોદના જીવોને પણ શુદ્ધ જ છે. પ્રગટ થયું છે એને તો ઠીક પણ નિત્યનિગોદના જીવને પણ અભવ્યત્વપારિણામિક નામ નથી. તે શુદ્ધ જ છે. નિત્ય-નિગોદના જીવમાં પણ એવી શક્તિ છે કે તે અભવ્યની જેમ પરિણમી શકતા નથી એમ નથી.

નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે. ભલે એ ટાણે (-નિગોદમાં) ન કરી શકે પણ એનામાં તાકાત છે કે નિગોદમાંથી નીકળીને માણસ થઈને પરમપારિણામિક સ્વભાવનો અનુભવ કરી અંતર્મુહૂર્તમાં મુક્તિને પામે. અભવ્યજીવને શુદ્ધપણે વસ્તુ તો છે પણ તેને જેવું પૂરણસ્વરૂપ છે તેવું પરિણમવાને તે લાયક નથી, તેવું નિત્યનિગોદના જીવને નથી. ભલે તે અત્યાર સુધી ત્રસ થયો નથી પણ એ જીવમાં એવી તાકાત છે કે વસ્તુ તો શુદ્ધ છે પણ તે-પણે પરિણમી શકે એવી લાયકાતવાળો છે.

નિત્યનિગોદમાં હોય, ત્રસપણું પામ્યા પણ ન હોય પણ એની વસ્તુ શુદ્ધ આનંદ-કંદ છે ને તે-રૂપે પરિણમવાને તે યોગ્ય છે. ત્યાંથી નીકળીને એકાદ ભવ કરીને મનુષ્ય થાય, આઠ વર્ષે શુદ્ધ સ્વરૂપનું પરિણમન કરીને મુક્તિ પણ પામે-એવી નિત્યનિગોદના જીવમાં તાકાત છે. નિગોદનો અનાદિશાંત ભાવ કરીને સિદ્ધનો સાદિ-અનંતભાવ પ્રગટ કરી શકે છે.

અહીં તો નિગોદના જીવની આવી તાકાત છે એટલી વાત કરી પણ એ વાત બેસે કોને?-કે જેને એ ચૈતન્યમૂર્તિ ભગવાનની દૃષ્ટિ થઈ, તેના સત્‌ના સત્ત્વને અનુભવમાં લીધો તે જીવને જેમ શુદ્ધસ્વરૂપે પરિણમવાની તાકાત છે તેમ નિગોદના જીવને પણ શુદ્ધસ્વરૂપે પરિણમવાની તાકાત છે એમ બેસે.

### * પંચમ આરાના સંતોનો પોકાર : વિશ્વાસ કર નિઃસંદેહ થા *

આ પંચમ આરાના મુનિ પંચમ આરાના જીવને સંબોધે છે. આવડી મોટી વાત પંચમ આરામાં કહેવાય નહીં?-અરે! કહેવાય કે નહીં શું પણ કરી શકે છે. નિત્યનિગોદનો જીવ પણ નિગોદમાંથી નીકળી આઠ વર્ષે સમ્યગ્દર્શન પામી અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞ થઈ શકે છે, માટે ભરોસો જોઈએ. વિશ્વાસે વહાણ ચાલે છે. વિશ્વાસ, રુચિ, દૃષ્ટિ ને પરિણમનમાં એમ બેસવું જોઈએ કે આ તો પ્રભુ શુદ્ધતત્ત્વ છે, પૂર્ણાનંદ છે, તેમાં વિકાર તો નથી, પણ અપૂર્ણતા પણ નથી.

નિત્યનિગોદના જીવની એવી તાકાત છે તો પછી તું બહાર નીકળ્યો છો ને અહીં આવ્યો છો ને! એમ કહે છે. તું અહીં સુધી આવ્યો 'સબ અવસર આ ગયા હૈ' મનુષ્યપણું પામ્યો, જૈન વાણી પંચમ પરમભાવની કાને પડી છે માટે જ્ઞાયકભાવનો આશ્રય કરવાને તું લાયક છો, પંચમ આરો તને નડતો નથી-એમ કહે છે.

## તું સાંભળવા સુધી આવ્યો છે તો તું પણ સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો

જેમ મેરુપર્વતની નીચે અનાદિથી એકલું સોનું ભરેલું છે, એ સુવર્ણરાશિને પણ સુવર્ણપણું છે તેમ અભવીને પણ પરમસ્વભાવપણું છે, તે વસ્તુ-નિષ્ઠ છે-તે વસ્તુમાં રહેલી જ તેની યોગ્યતા છે પણ વ્યવહાર-યોગ્ય નથી, જેમ મેરુપર્વતનું સોનું બહાર લાવીને વેપારના ઉપયોગમાં કામ આવે તેમ નથી તેમ.

અભવ્યજીવની જેવો તું નથી એમ શ્રોતાને કહે છે. તું પરિણમી શકે છો, અભવ્યના જીવ જેવો તું નથી. તું અહીં આવ્યો, સાંભળવા આવ્યો, સાંભળે છો અને અમે તને કહીએ છીએ કે ભલે તું અપ્રતિબદ્ધ હો પણ છો તો ભગવાન અને ભગવાનપણે પરિણમવાને લાયક જ છો, ભગવાનપણે પરિણમવાને લાયક જ છો. અભવીને ભગવાનપણું છે પણ તે-પણે પરિણમવાને લાયક નથી. જેથી હું તને એમ કહું છું કે નિત્યનિગોદના જીવ પણ અભવી જીવ જેવા નથી તો પ્રભુ તું તો અહીં આવ્યો, અહીં સુધી સાંભળ્યું, વીતરાગની વાણી કાને પડી તો કહે છે કે તારો આત્મા શુદ્ધપણે પરિણમવાને લાયક છે, પરમાત્મપણે થવાને લાયક છે.

પરમાત્મપણું છે ને એવું જ પ્રતીતમાં આવે એવો તું છો. પંચમ આરાના સાધુ છે ને પંચમ આરાના શ્રોતાને સંભળાવે છે કે તું અહીં સુધી આવ્યો તો સાંભળ! મુંઝાઈશ નહીં, અભવી જેમ ન પરિણમી શકે તેમ તું ન પરિણમી શકે એમ છે નહીં. મુનિરાજ એમ કહે છે કે ભગવાનની વાણીને અનુસરીને પોતે પરિણમ્યા છે ને તેને અનુસરીને તું પણ પરિણમીશ-એવો જ તું છો. આહાહા! પંચમ આરો ને ઓછાં પુણ્ય એ વાતને લક્ષમાં લઈશ નહિ.

## કાળની વાટ કે રાહ જોવાની નથી, પરમાત્મપણે પરિણમવાને તુ લાયક જ છો.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદપણે પરિણમી શકે એવો તું છો. ૩૮ મી ગાથામાં એમ કહ્યું કે અપ્રતિબુદ્ધને સમજાવતાં દર્શન-જ્ઞાન પ્રાપ્ત થયો ને એ પ્રાપ્તિ એવી કે ફરી ન પડે તેવી, ફરીથી મિથ્યાત્વ ઉત્પન્ન થવાનું છે જ નહીં. પંચમ આરાના પ્રાણીનો પોકાર છે. કહેનારનો તો પોકાર છે પણ તેને સાંભળ્યું તેનો આ પોકાર છે. આહાહા! કહેનાર તો તો કહે છે પણ તું તેવો થઈ શકે તેવો છો! કાળની રાહ ને વાટ જોવાની નથી. આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ તને કાને પડ્યો, એ થવાને લાયક જ તું છો, અભવી જેવો તું નથી. અરે! નિત્યનિગોદના જીવો અભવી જેવા નથી, નિધાન પડ્યું જ છે ને તે-પણે પરિણમવાને તું લાયક જ છો.

દિગંબર સંતોનો આ પોકાર છે કે તું પરિણમવાને લાયક છો એમ અમે કહીયે છીએ. પ્રભુ! તમે સર્વજ્ઞ નથી ને આવો પોકાર કરો છો!–કે હા, તું લાયક છો! પરિણમવાને લાયક છો, પરિણમી શકે છો.

## * ઓછપનો આશ્રય છોડ, પૂરણ છો ને પૂર્ણપણે પરિણમી જઈશ *

મુનિરાજ એમ કહે છે કે તું અલ્પકાળમાં મોક્ષ પામીશ, પરિણમી જઈશ–એવો તું છો, અભવી જેવો તું નથી. નિત્યનિગોદના જીવને માટે પણ એમ કહ્યું તો સાંભળનારને તો મનુષ્યપણું છે. માટે ઓછપનો આશ્રય ન કર. અલ્પજ્ઞ રહીશ એમ ન માન, પૂરણ થઈ જઈશ એમ માન. પૂરણ છે તે પૂરણપણે પરિણમી શકે એવો તું છો. તને કહીયે છીએ કે તું પૂરણ છો ને પૂરણ થઈ શકવાને યોગ્ય છો.

મુનિઓના હૃદયનો આ પોકાર છે. પોતે પામ્યા એટલે કહે છે કે તું પામીશ જ, પામવાને લાયક જ છો, અનુભવીની જેવો તું નથી. નિત્યનિગોદના જીવ પણ અભવી જેવા નથી તો તું તો અહીં પંચેન્દ્રિયપણે જિનવાણી સાંભળવા આવ્યો છો માટે અલ્પકાળમાં તું પરિણમીશ. જેવી પ્રભુતા પડી છે એવી પ્રભુતા અલ્પકાળમાં પર્યાયમાં પરિણમી જશે એવો લાયક તું છો. વિશ્વાસ લાવ! એનો વિશ્વાસ કર! ચૈતન્યના આવા વિશ્વાસે પરિણતિ પૂરણ થઈ જશે.

## સંતોનો પોકાર : તું પરમાત્મપણે પરણમવાને લાયક જ છો–એમ નિઃસંદેહ થા.

નિત્યનિગોદના જીવ અભવી જેવા નથી તો પ્રભુ! તું તો માણસ છો અને પરમાત્માની વાણી સાંભળવાને આવ્યો ને સાંભળે છો તો પરિણમવાને લાયક જ છો, સંદેહ ન કર. આવી વાત મુનિ પોતે કહે છે. નિત્યનિગોદમાં પણ એવા જીવો છે કે ત્યાંથી નીકળીને કેવળજ્ઞાનપણે પરિણમી જશે, તો તું તો નીકળીને બહાર આવ્યો છો, પરમાત્માની વાણી કાને પડે છે ને એ આ વાણી છે (હર્ષાનંદ સાથે તાલીઓના ગડગડાટ). વિશ્વાસ લાવ, સંદેહ છોડ, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ પછી તું નિઃસંદેહ કેમ થતો નથી?

પ્રભુ! તું પામર તરીકે માન્યતા છોડી દેજે. કોઈ કહે કે અમે ભવિ છીએ કે અભવિ એ અમને શી ખબર પડે! કાળલબ્ધિ પાકી છે કે નથી પાકી એ તો સર્વજ્ઞને ખબર પડે. તો અહીં કહે છે કે કાળલબ્ધિ તને પાકી છે એમ અમે તને કહીયે છીએ (હર્ષાનંદ સાથે તાલીઓનાં ગડગડાટ).

## * ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, તું તો પૂર્ણ પ્રભુ છો *

મુનિરાજનો પોકાર છે કે નિત્યનિગોદમાં પણ એવા જીવો છે કે તે અભવી જીવ

જેવા નથી; તો તું આડ રહેવા દે, તું પૂરણ પ્રભુ છો, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી. એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે વિષય છે. સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકારમાં આવે છે કે દીવો ઘટપટને પ્રકાશે છે એમ નહીં, દીવો દીવાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે, એમ ભગવાન આત્મા પરને જાણવામાં પરને પ્રકાશે છે એમ નહીં, સ્વ ને પરને પ્રકાશવાની જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે, લોકાલોકને નહીં પણ જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે.

અંદર ભગવાન ભરેલો છે, ભરેલાને જો, ભરેલો પૂરણ છે ને પૂરણ થવાને લાયક છે-એમ તને કહીએ છીએ. તું સંદેહ ન કર. મુનિરાજ તો એને કહે છે પણ બેસાડવાનું પોતાને છે ને! નહીં પરિણમવાને લાયક જીવની વાત તું ભૂલી જા, તું એ છો નહીં, તું તો પૂરણપણે પરિણમવાને લાયક જ છો એમ વિશ્વાસ કર.

## * સદા નિરંજનપણે પ્રતિભાસ્યો તેને પરમભાવ સફળ થયો *

અતિ આસન્ન ભવ્ય જીવને એટલે કે જેમાં અજંપાનો જાપ નથી ચાલતો પણ જંપાજાપ થઈ ગયો છે, મુક્તિનો જાપ થઈ ગયો છે એવા આસન્ન ભવ્ય જીવને આ પરમભાવ-ત્રિકાળી પરમ સ્વભાવ તત્ત્વ સદા નિરંજનપણાને લીધે, જેને અજંન-મેલ છે જ નહીં એવા નિરંજનપણાને લીધે એટલે કે સદા નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે સફળ થયો છે. આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે જેમાં અંજન નથી, રાગની ગંધ નથી, ઉદયને સ્પર્શ્યો નથી એવો જે પરમ પરમાત્મા પડયો છે તે પરમાત્મા થવાને લાયક છે, થવાને લાયક નથી એ વાત સાંભળવા જેવી નથી.

અતિ આસન્ન ભવ્ય જીવોને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે એટલે કે છે તેવો ભાસ્યો હોવાને લીધે સફળ થયો છે. જ્ઞાનમાં આ છે એવું એટલે કે જ્ઞાનમાં 'આ સદા નિરંજનપણે છે'-એમ ભાસ્યું હોવાને લીધે સફળપણું થયું છે. અતિ આસન્ન ભવ્ય જીવને નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે આ પરમભાવ સફળ થયો છે. જ્ઞાનમાં ભાસ્યા વિના આ પરમભાવ છે-એમ ક્યાંથી આવ્યું? પણ જ્ઞાનમાં પરમભાવ છે એવો ભાસ્યો છે ત્યારે તેને સદા નિરંજનપણે છે. જ્ઞાનમાં નિરંજનપણે પ્રતિભાસ્યો હોવાને લીધે પરમભાવ સફળ થયો છે. સદા નિરંજનપણે તો છે પણ જ્ઞાનમાં પ્રતિભાસ્યા વિના સફળપણું ક્યાંથી આવ્યું? જ્ઞાનમાં સદા નિરંજનપણે પ્રતિભાસ્યો છે ત્યારે તે આસન્ન ભવ્યોને નિરંજન ભાવ સફળ થયો છે. છે તેવી પ્રતીતિ ને જ્ઞાનમાં આવ્યો છે તેથી તે સફળ થયો છે. નિરંજનપણે સદા છે પણ જ્ઞાનમાં પ્રતિભાસ્યો છે માટે સફળ થયો છે. જેવો છે તેવો પ્રતિભાસ્યો છે તેને તે સફળ થયો છે. જેને જ્ઞાનમાં પ્રતિભાસ્યો નથી તેને સફળપણું આવ્યું નથી પણ જેના જ્ઞાનમાં જેવું પૂરણ સ્વરૂપ છે એવું ભાસ્યું છે એને એનું ફળ આવ્યું છે માટે તેને તે સફળ છે. —※—

[ સંતોની કરુણા...પાનું ૨ થી ચાલુ ]

થઈ જાય?—તે રાગરૂપે કેવી રીતે થઈ જાય?—કે જેથી તું પુદ્ગલને તારા માને છો! જાણન—દેખનરૂપ નિત્ય ઉપયોગ લક્ષણસ્વરૂપ જીવદ્રવ્ય છે એ રાગમાં-અજીવમાં ક્યાંથી આવી જાય? સર્વજ્ઞ ભગવાને આત્માને ઉપયોગલક્ષણ સ્વરૂપ દેખ્યો છે ને હે દુરાત્મન્! તું રાગાદિને તારા માને છો એ ક્યાંથી આવ્યું? માટે રાગાદિ પુદ્ગલને તારા માનવા છોડી દે. પ્રકાશ અંધકારરૂપ કે અંધકાર પ્રકાશરૂપ કદી કેમ થાય? તેમ નિત્ય ઉપયોગલક્ષણ જીવદ્રવ્ય રાગાદિરૂપ કે નિત્ય અણ-ઉપયોગલક્ષણ રાગાદિ જીવદ્રવ્યરૂપ કદી કેમ થાય? માટે જીવદ્રવ્ય ને રાગાદિ જડ કદી પણ એક થઈ શકે નહિ. ભલે જીવ તથા રાગ ભિન્નપણે રહીને એક ક્ષેત્રે રહે પણ બન્ને કદી પણ એકરૂપ થયા નથી ને થઈ શકતા નથી. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પ્રભુ! તારી ચીજ કદી રાગરૂપે થઈ નથી માટે તું તારું ચિત્ત ઉજ્જવળ કરીને, સાવધાન થઈને રાગથી ભિન્નપણે આનંદસ્વરૂપનો અનુભવ કર. પ્રસન્ન થઈને ભેદજ્ઞાનપૂર્વક આ સ્વદ્રવ્ય તે જ મારું છે એમ અનુભવ કર.

[—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

—※—

શ્રી વાદિરાજ મુનિરાજ ભૂતકાળના દુઃખને યાદ કરતા કહે છે કે:—

"જનમ જનમકે દુઃખ સહે સબ તે તુમ જાનો,
યાદ કિયે મુઝ હિયે લગે આયુધસે માનોં." (એકીભાવ સ્તોત્ર)

હે પ્રભુ! મેં અનાદિકાળથી આજ પર્યંત જનમ-જનમના જે દુઃખ સહ્યા છે તે આપ જાણો છો, એ દુઃખને યાદ કરતાં મારા હૈયે આયુધની જેમ ઘા વાગે છે. આહાહા! આનંદમાં ઝૂલતાં મહાસંત જ્યારે આમ કહે છે તો ચાર ગતિના એ દુઃખના વેદનનું શું કહેવું? હે જીવ! જો આત્મ-કલ્યાણ માટે ઉદ્યમી નહીં થા તો માથે એ દુઃખ ઊભા જ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

[ પ્રભુ તારામાં ને સિદ્ધમાં... પાનું ૩૧ થી ચાલુ ]

જાણું? આત્મા... આત્મા... ને... આત્મા.... ભગવાન... ભગવાન... ભગવાન બધા ભગવાન. આહાહા! મુનિરાજ શું કહેવા માગે છે તે ભાવ ખ્યાલમાં આવે છે પણ એટલા ગંભીર ભાવો છે કે બધા કહી શકાતા નથી.

પ્રભુ! કઈ નયથી તને હીણો કહું? પ્રભુ! તેમનામાં ખરેખર કાંઈ ભેદ નથી તો હું કઈ નયથી ભેદ જાણું? વ્યવહારનયથી ફેર છે એ ક્યાં ગયો?—કે એ ભેદ ગયો એના ઘરમાં... આહાહા! કેટલાક શ્લોકો તો એટલા ગંભીર છે કે તેના ભાવો ભાષામાં આવી શકતા નથી.

નિગોદમાંથી ક્યારેય નહીં નીકળેલા જીવો ને સિદ્ધના જીવો તેમનામાં કઇ નયથી હું ભેદ જાણું?—અંતરની મહિમાની વાત છે. ચૈતન્યશક્તિવાન જેને પ્રગટ દશામાં જાણવામાં આવ્યો તેને બધા ભગવાન ભાસે છે; તો કઈ નયથી તેઓમાં ભેદ ભાસે? દિવ્યધ્વનિ એમ કહે છે કે કુબુદ્ધિ સુબુદ્ધિમાં ભેદ કઈ નયથી પાડું? મુનિરાજ કહે છે એ ભગવાન જ કહે છે. મુનિરાજ કહે છે તે ભગવાનથી કાંઇ ફેર પાડીને કહેતા નથી. ભગવાનની વાણીમાં આવ્યું કે કુબુદ્ધિઓ ને સુબુદ્ધિઓમાં કઈ નયથી બચાવ કરીને ભેદ પાડું?

આ દૃષ્ટિ જેને બેસી ગઈ તેને અલ્પકાળમાં પરમાત્મા થવાની તૈયારી થઈ ગઈ. દ્રવ્ય તો મહા ચમત્કારિક ચીજ છે. તેના માટે તો કાંઈ કહેવાનું નથી ને પર્યાયમાં સિદ્ધ થયા પછી કાંઈ શુદ્ધતા વધશે—એ વાત રહેવા દે, ત્યાં બસ કર. પર્યાય પૂરણ થઈ ત્યાં બસ થઈ ગયું. અહીં તો કહે છે કે પ્રભુ! સાક્ષાત્ સિદ્ધ થયા ને તારો આત્મા—એમાં હું કઈ નયથી પણ ભેદ પાડું?

આહાહા! એટલી ગંભીરતા ભાસે છે કે શબ્દોમાં કહી શકાતી નથી. તારામાં ને સિદ્ધમાં કાંઈ ભેદ કઈ નયથી જાણું? એ બેમાં કાંઈ પણ ભેદ, કાંઈ પણ જુદાઈ કઈ નયથી જાણું? એકલો પરમાત્મા ભગવાન... ભગવાન... ભગવાન દૃષ્ટિમાં ધ્રુવ તરે તો હું કઈ નયથી હીનતા જાણું? એક સમયનો ફેર પડે છે તો તે ફેરને હું કઈ રીતે જાણું? એક સમયના અંતરમાં મિથ્યાત્વમાંથી સમકિત થઈ જાય છે, અંદર મિથ્યાત્વ હતું જ ક્યાં? અંદર જે હતું તે નીકળ્યું.

વ્યવહારનય તો કથનમાત્ર છે તેમ કળશટીકામાં કહ્યું છે. અહીં કહે છે કે વસ્તુમાં કાંઈ ફેર નથી. અરે! અમે તને કહીયે છીએ કે તારામાં હીણપ ન દેખ! કઈ નયથી તારામાં હું હીણપ દેખું? સિદ્ધ કરતાં અલ્પતા તારામાં કઈ નયથી દેખું? પોતાને દેખતા બીજી કાંઈ ચીજ અમને દેખવામાં આવતી નથી તો બીજામાં પણ સિદ્ધ ને સંસારીના ભેદ કઈ નયથી જાણું? આહાહા! ગજબ વાત કરી છે.

—*—

નિશ્ચયનયનું કથન :

## રાગપરિણામનો કર્તા આત્મા

જેમ સ્વભાવ સત છે તેમ રાગ છે તે પણ ઉત્પાદપણે સત્ છે. રાગપરિણામ પોતાની પર્યાયમાં છે માટે આત્મા તેનો કર્તા છે. નિશ્ચયનયે આત્મા રાગપરિણામનો કર્તા છે. કેમ કે પોતાની પર્યાયમાં રાગ થાય છે. એ રાગનો કર્તા જડકર્મ નથી પણ આત્મા તેનો કર્તા છે. રાગ પોતાથી પોતાની પર્યાયમાં છે એમ જાણીને સ્વદ્રવ્યના આશ્રયે રાગ છોડવો. રાગનો કર્તા પોતે છે ને રાગનો છોડનારો પણ પોતે છે એમ જાણીને ત્રિકાળીના અવલંબને રાગને ટાળી શકાય છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા-૧૮૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છે:—

—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

રાગપરિણામ જ આત્માનું કર્મ છે. કેમ કે પોતાની પર્યાયમાં જડકર્મનો તો અભાવ છે. આત્માનું કર્મ-કાર્ય શું?-કે રાગપરિણામ એ આત્માનું કાર્ય છે. જડકર્મ એ આત્માનું કાર્ય નથી. રાગ છે તે ઉત્પાદપણે સત્ છે. જેમ સ્વભાવ સત્ છે તેમ વિકાર પણ પર્યાયમાં સત્ છે. કર્મને લઈને રાગ છે એમ નથી. દયા-દાન-વ્રત-ભક્તિ-હિંસા-જૂઠું આદિના પરિણામ રાગ છે તે આત્માનું કાર્ય છે. અનંતાનુબંધી-અવ્રત-કષાય ને યોગ—એ ચારે પ્રકારનો રાગ મિથ્યાદૃષ્ટિને છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી સિવાયનો રાગ હોય છે.

દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે સત્ છે. તેથી જ્યાં સુધી રાગ પર્યાયમાં છે તે સત્ છે. તેને ટાળવો છે એ વાત જુદી છે, પણ પર્યાયમાં રાગ છે. સ્ત્રી-પુત્ર-પૈસાદિ તો પર્યાયમાં પણ નથી. દૃષ્ટિના વિષયમાં તો રાગનો કર્તા માને તે મિથ્યાદૃષ્ટિ છે, પણ જ્ઞાનના વિષયમાં પર્યાયમાં રાગ છે એમ જાણવું એ સાચું જ્ઞાન છે. સમ્યગ્દર્શન થયા પછી સર્વથા રાગ

છે જ નહીં એમ જ્ઞાનમાં જાણે તો તે મિથ્યાદૃષ્ટિ છે. રાગ પોતાનો છે નહીં. પણ એ કઈ અપેક્ષાએ?–કે દ્રવ્ય-ગુણમાં નથી એ અપેક્ષાએ રાગ પોતાનો નથી. પર્યાયમાં રાગ છે, રાગ છે તે સત્ છે, પોતાથી છે, કર્મને લઈને નથી એમ જાણે ને જ્ઞાન-પ્રધાનપણે માને ને કથનમાં પણ એમ આવે.

દ્રવ્યની દૃષ્ટિ કરતાં દ્રવ્ય-ગુણમાં રાગ નથી તેથી રાગ પોતાનો નથી. પરંતુ પર્યાયમાં તો રાગનો અંશ દસમા ગુણસ્થાન સુધી રહે છે. પર્યાયમાં રાગ છે. રાગનો કર્તા માને તે મિથ્યાત્વ—એ તો દૃષ્ટિના વિષયની વાત છે. પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાન જાણે છે કે રાગ મારી પર્યાયમાં છે. રાગ પરિણામ આત્માનું જ કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રાગ છે નહીં તેથી દ્રવ્ય-ગુણ ને દૃષ્ટિ અપેક્ષાએ રાગનો કર્તા માનવું તે મિથ્યાત્વ છે, પણ જ્ઞાનપ્રધાનતાથી પર્યાયમાં રાગપરિણામ આત્માનું જ કાર્ય છે. કેમકે જડકર્મ કે નોકર્મ એ આત્માનું કર્મ નથી, અજીવનું કાર્ય છે.

જો પોતાના અસ્તિત્વમાં રાગ છે એમ જાણે તો દ્રવ્ય-ગુણના આશ્રયે રાગને છોડે. જો રાગ છે જ નહીં તેમ જાણે તો તેને ક્યારે છોડે?—ને સ્ત્રી-પુત્ર-પૈસાદિ તો પર્યાયમાં છે જ નહીં તેને શું છોડવા? જ્યાંસુધી રાગ છે ત્યાંસુધી તે પોતાની પર્યાયમાં છે ને તે પોતાનું કાર્ય છે એમ જાણે તો દ્રવ્યસ્વભાવના આશ્રયે રાગને છોડશે. નિશ્ચયથી તો રાગ છે તે પર્યાયના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, રાગનો કર્તા રાગ છે.

આમ કોણે કોને કહ્યું છે? કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અનંત અર્હંતદેવો થઈ ગયા તેમણે યતિઓને—અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશા પ્રગટ થઈ છે એવા ગણધરોને કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને પર્યાયમાં રાગ છે, રાગ છે તે દુઃખ છે, દુઃખનો-રાગનો અનુભવ પણ છે. રાગપરિણામ આત્માનું જ કાર્ય છે એમ અર્હંતદેવોએ કહ્યું છે. તેથી રાગ કર્મથી થાય છે એ વાતનો નિષેધ થયો ને સમ્યગ્દર્શન થતાં રાગનું વેદન જ નથી એ વાતનો પણ નિષેધ થયો. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધાત્માની દૃષ્ટિ થતાં પવિત્રતા પ્રગટ થઈ છતાં પર્યાયમાં હજુ રાગ બાકી છે અને તે આત્માનું કાર્ય છે.

આત્માની પર્યાયમાં જે રાગ છે, તે આત્માનું કાર્ય છે, જડકર્મનું નથી. રાગ–પુણ્યપાપના પરિણામ છે તે પર્યાયના ષટ્કારકથી છે, તેને જડકર્મની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી–એમ પંચાસ્તિકાયની ૬૨ મી ગાથામાં કહ્યું છે. પ્રભુ તો આનંદસ્વરૂપ છે જ પણ પર્યાયમાં જે રાગ છે તેને અહીં આત્માનું કાર્ય છે તેમ કહ્યું છે.

એ રાગના બે પ્રકાર છે; શુભરાગ ને અશુભ રાગ. રાગ એ આત્માનું કાર્ય છે

-એમ જાણીને દ્રવ્ય-ગુણનો આશ્રય લઈને તેને ટાળે. સ્ત્રી-પુત્ર-પૈસાદિ બાહ્યપદાર્થ તો પર્યાયમાં પણ છે નહીં, તો તેનો ત્યાગ કરું એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે જે પોતાની પર્યાયમાં પણ નથી એનો ત્યાગ શું કરવો? શુભરાગ ને અશુભ-રાગ પર્યાયમાં છે. તે રાગનો કર્તા આત્મા જ છે, પરદ્રવ્ય તેનો કર્તા છે નહીં.

સર્વજ્ઞએ ગણધરોને આમ કહ્યું છે. કોને કહ્યું છે?—કે ગણધરોને કહ્યું છે અને તું એમ માની બેસે કે રાગ કર્મથી થાય છે તો ભગવાનની વાણીને તું જૂઠી કહે છે, ગણધરોએ જે સાંભળ્યું તેને જૂઠું કહે છે ને ગણધરોએ શાસ્ત્રની રચના કરી તેને તું જૂઠી કહે છે. અર્હંતદેવોએ ગણધરોને એમ કહ્યું કે રાગપરિણામ છે એ આત્માનું કર્મ છે ને આત્મા તેનો કર્તા છે. તેથી રાગનો ગ્રહનાર ને છોડનાર આત્મા છે પણ પર-પદાર્થનો ગ્રહનાર કે છોડનાર આત્મા છે જ નહીં. રાગ તારી પર્યાયમાં છે એમ જાણીને દ્રવ્યના આશ્રયે રાગને છોડવો એમ કહેવું છે. પૈસાદિને તો પર્યાયમાં પણ ગ્રહણ કર્યા નથી તેથી તેનું ત્યાગ કરવાપણું રહેતું નથી. પરંતુ પૈસા મારા છે એવો જે રાગ કર્યો તેનો ગ્રહણ કરનારો આત્મા છે ને તે રાગનો ત્યાગ કરનારો આત્મા છે.

કર્મ જાય તો રાગ ટળે એમ છે જ નહીં. પર્યાયમાં રાગને આત્માએ ગ્રહણ કર્યો છે તો તેનો ત્યાગ કરનારો આત્મા જ છે, જોકે સમયસારની ૩૪ મી ગાથામાં રાગનો ત્યાગ એ નામમાત્ર કથન છે એમ કહ્યું છે. કેમકે દ્રવ્યનો આશ્રય કર્યો ત્યાં પર્યાયમાં રાગ રહ્યો જ નહીં, થયો જ નહીં, તેથી તેનો ત્યાગ કર્યો એ તો કથન-માત્ર છે. જ્ઞાયકસ્વરૂપનો આશ્રય લેતાં પહેલા જે પર્યાયમાં રાગ ઉત્પન્ન થતો હતો તે ઉત્પન્ન થતો જ નથી તેથી રાગનો ત્યાગ નામમાત્ર કથન છે તેમ કહ્યું.

આ શુદ્ધ દ્રવ્યના નિરુપણસ્વરૂપ નિશ્ચય છે. નિશ્ચયનય સ્વ-આશ્રિત પરિણામો પોતાના છે એમ બતાવે છે, તેથી તેને શુદ્ધ દ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. પોતાની પર્યાય પોતાથી છે એમ નિશ્ચયનય બતાવે છે તેથી તેને શુદ્ધ દ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. શુદ્ધ શુદ્ધદ્રવ્યનું કથન કહેનારનો અર્થ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નહીં પણ પોતાના પરિણામને પોતાના કહેતો હોવાથી શુદ્ધદ્રવ્યને કહેનાર નિશ્ચયનય છે એમ કહ્યું છે.

પુદ્ગલના પરિણામને આત્માનું કર્મ છે એમ કહેવું તે અશુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ વ્યવહારનય છે. જડકર્મની પર્યાય આત્માનું કાર્ય છે અર્થાત્ આત્માએ રાગ કર્યો માટે જડકર્મ બંધાયા તેથી આત્મા પુદ્ગલકર્મનો કર્તા છે, પુદ્ગલપરિણામ આત્માનું કર્મ છે અને આત્મા પુદ્ગલપરિણામનો ગ્રહનારો ને છોડનારો છે, આવો જે નય છે તે અશુદ્ધદ્રવ્યનિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.

રાગનો ગ્રહણ કરનારો પણ આત્મા ને છોડનારો પણ આત્મા છે. પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કરનારો આત્મા નથી, એમ અહીં કહે છે. તેને અહીં શુદ્ધદ્રવ્યનું કથન

કહ્યું છે. પોતાની પર્યાયમાં રાગ છે એ પોતાનું કાર્ય છે, પર્યાયનું છે, પણ અહીં તેને શુદ્ધદ્રવ્યનું કથન કહ્યું છે. અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

શુદ્ધપણે અને અશુદ્ધપણે બંને પ્રકારે દ્રવ્યની પ્રતીતિ કરાય છે. સમયસારમાં એમ કહ્યું કે ભગવાન પ્રભુ પોતાના જ્ઞાનની પર્યાયમાં અવલોકનમાં આવ્યો ત્યાં આત્મા કર્તા ને નિર્મળ પર્યાય કાર્ય; પણ ત્યાં દૃષ્ટિ પ્રધાન કથન છે અને અહીં જ્ઞાનપ્રધાન છે. દૃષ્ટિ છે તે નિર્વિકલ્પ છે તેથી તેનો વિષય નિર્વિકલ્પ પ્રભુ છે ને જ્ઞાન છે તે સવિકલ્પ અર્થાત્ સ્વપરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવો એનો સ્વભાવ છે. અહીં કહે છે કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બંને પ્રકારે દ્રવ્યની પ્રતીત કરાય છે. પરંતુ નિશ્ચયનય સાધકતમ-ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પુણ્ય-પાપનો આત્મા કર્તા-ભોક્તા છે ને સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાના છે એ અપેક્ષાએ શુદ્ધનય છે ને તે ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પરદ્રવ્યનો કર્તા-એવો જે વ્યવહારનય તે બાધક છે ને પોતાના પરિણામનો-મલિન પરિણામનો કર્તા આત્મા છે એવો જે નિશ્ચયનય તે સાધકતમ છે.

પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે એ શુદ્ધનયનું કથન છે ને આત્મા પરની-કર્મની પર્યાયનો કર્તા છે એ વ્યવહારનયનું કથન છે-એ બંનેનું જ્ઞાન હોવું જોઈએ. પરંતુ નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવા લાયક છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી, એટલે કે નિશ્ચયનય ઉપાદેય છે ને વ્યવહારનય હેય છે.

પ્રશ્ન :—દ્રવ્યસામાન્યનું અવલંબન જ ઉપાદેય છે ને અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો ? સમયસારની ૧૧ મી ગાથામાં ત્રિકાળી ભૂતાર્થને ઉપાદેય કહ્યો ને અહીં આ વાત કેમ કહી ?—એમ વિશેષ સમજવા માટે આશંકા કરે છે. ત્રિકાળી પૂર્ણાનંદના નાથને ઉપાદેય કહ્યો છે ને અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો ?

ઉત્તર :—રાગપરિણામનો કરનાર પણ આત્મા છે. દયા-દાન-વ્રત આદિ રાગ-પરિણામનો પણ કર્તા આત્મા છે ને રાગને છોડીને નિર્મળ વીતરાગ પર્યાયનો કર્તા પણ આત્મા છે. અજ્ઞાનદશામાં પણ આત્મા અજ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે અને જ્ઞાનદશા પણ આત્મા જ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે. આવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે આવી જાય છે. આત્મા રાગનો કર્તા-ભોક્તા છે, એવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય-સામાન્યનું શ્રદ્ધાજ્ઞાન ગર્ભિત આવી ગયું છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય

[ વધુ માટે જુઓ પાનું ૨૭ ]

# મુક્ત-સ્વભાવની દૃષ્ટિ કરતાં પર્યાયમાં મુક્તિનો પ્રારંભ

[શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં ૩૫)

આ શ્રી યોગસાર શાસ્ત્ર છે. મુનિરાજ યોગીન્દ્રદેવે આ શાસ્ત્રની રચના કરી છે. તેમાં આપણે ૮૮ ગાથા સુધી પહોંચ્યા છીએ.

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય,
કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય. ૮૮.

સમ્યગ્દૃષ્ટિ જીવનું ગમન હલકી ગતિઓમાં હોતું નથી. કેમકે સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિમાં પોતાના પૂર્ણ સ્વભાવનો જ આદર છે અને સંસાર તરફ ઉપેક્ષાભાવ છે. એક પોતાના શુદ્ધસ્વભાવનું જ ગ્રહણ છે, બાકી શુભવિકલ્પથી માંડીને આખા સંસાર પ્રત્યે જ્ઞાનીને ગ્રહણબુદ્ધિ નથી, આદર નથી. તેથી જ્ઞાની હલકી ગતિમાં જતાં જ નથી છતાં કદાચિત્ જાય તોપણ તેમાં જ્ઞાનીને હાની નથી. તેમના પૂર્વકૃત કર્મનો ક્ષય થઈ જાય છે.

પ્રશ્ન–સમ્યગ્દૃષ્ટિ કોને કહેવાય?

પૂજ્ય ગુરુદેવઃ—જેને આત્માના શુદ્ધ સ્વરૂપની ગાઢ રુચિ છે અને અતીન્દ્રિય સુખનો પરમ પ્રેમ છે તે સમ્યગ્દૃષ્ટિ છે. તેને આખા સંસાર તરફથી અંતરથી રુચિ–પ્રેમ ઉડી ગયા હોય છે. આવા જ્ઞાનીને દૃઢ પ્રતીતિ હોય છે કે મારી શાંતિ અને આનંદ પાસે બધું તુચ્છ છે. શુભરાગમાં પણ મારો આનંદ નથી, તો બીજે ક્યાં હોય? આવા દૃઢ પ્રતીતિવંત જ્ઞાની મુક્તિના પથિક છે–છૂટવાની દિશાએ ચાલનારા છે.

મોક્ષસ્વરૂપ આત્માની જેને રુચિ અને પ્રતીત થઈ તે મોક્ષનો પથિક છે. આત્મા વસ્તુ સ્વભાવે રાગ, શરીર કે કર્મથી કદાપિ બંધાણો જ નથી. એક સમયની પર્યાયમાં રાગ છે પણ જેણે પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લીધી અને સ્વભાવદૃષ્ટિ કરી તેને મુક્તસ્વભાવ જ જણાશે. તે પર્યાયમાં પણ મુક્તસ્વભાવના પંથે જ છે.

ભગવાન આત્મામાં રાગ અને કર્મનો સંબંધ ક્યાં છે? વસ્તુ તો પૂર્ણ મુક્ત છે અને સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ મુક્તસ્વભાવ ઉપર જ છે. દૃષ્ટિ મુક્તસ્વભાવ ઉપર છે ત્યાં રાગ, કર્મનું નિમિત્ત, બંધની પર્યાય આદિનું જ્ઞાન રહે છે પણ તેનો આદર રહેતો નથી.

ભવરહિત સ્વભાવની દૃષ્ટિ થતાં જ્ઞાનીને પૂછવા જવું પડતું નથી કે હે

ભગવાન ! હવે મારે કેટલા ભવ છે? અરે, હું તો ભવરહિત વસ્તુ છું ને! મારે ભવનો પરિચય જ નથી. વસ્તુ એટલે અનંતગુણનો સાર-રસકસ એવી ચીજને ભવનો પરિચય જ નથી. પર્યાયમાં ભાવનો પરિચય છે પણ દૃષ્ટિ પર્યાયને સ્વીકારતી જ નથી.

જેણે પોતાની દૃષ્ટિમાં ધર્મધારક ધર્મીને ધારી લીધો, તેની દૃષ્ટિમાં ભવ છે જ નહિ અને તેની પર્યાયની ગતિ પણ ભવના અભાવ તરફ થવા લાગી છે તે નિઃસંદેહ થઈ ગયો છે કે મારે હવે ભવ છે જ નહિ. એક-બે ભવ છે તે મારા પુરુષાર્થની કમીને કારણે-રાગને કારણે છે તે મારા જ્ઞાનનું જ્ઞેય છે, મારું સ્વરૂપ નથી, તેનો હું સ્વામી નથી. હું તો મારા સહજાત્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ સ્વામી છું એમ જ્ઞાની જાણે છે. સમ્યક્ત્વની મહિમા કેટલી છે તે આગળ રત્નકરંડ શ્રાવકાચારની બે ગાથાના આધારે કહેશે.

પૂર્ણાનંદસ્વરૂપ વસ્તુ તે મારી ચીજ છે અને હું તેનો સ્વામી છું. મારી એક સમયની પર્યાયમાં દોષ છે બાકી આખો આત્મા નિર્દોષ પિંડ છે. એ એક સમયના દોષની જેણે રુચિ છોડી અને પૂર્ણાનંદ સ્વભાવમાં રુચિ જોડી તે મોક્ષનો જ પથિક છે. ભગવાન કહે છે માટે હું પૂર્ણ છું એમ નહિ પણ પોતાને નિઃસંદેહ પ્રતીતિ થઈ જાય છે કે 'હું તો પૂર્ણ છું, દોષ તે મારું ત્રિકાળી સ્વરૂપ નથી.' જેમ વસ્તુ ક્યારેય પડતી નથી તેમ વસ્તુની દૃષ્ટિ થઈ તે પણ કદી પડતી નથી, અને જેને પડવાની શંકા પડે છે તેને ધ્રુવની દૃષ્ટિ પણ રહેતી નથી.

સમંતભદ્રઆચાર્યે રત્નકરંડ શ્રાવકાચારમાં સમ્યગ્દૃષ્ટિને તેની સ્વસન્મુખ ચાલતી ધારાનો કર્ણધાર કહ્યો છે. કર્ણધાર એટલે ખેવટિયો, નાવડિયો કહ્યો છે. સંસારસમુદ્રથી પાર કરનારો નાવડિયો છે. સમ્યગ્દર્શનની ઘણી મહિમા કરી છે કે સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્ચારિત્ર નથી. સમ્યગ્દર્શન થયું એટલે તો સર્વસ્વ થઈ ગયું.

સમ્યગ્દૃષ્ટિ સંસાર તરફ પીઠ રાખે છે, એટલે શું?—કે વિકલ્પ આદિથી ઉપેક્ષા રાખે છે, અને નિર્વિકલ્પ સ્વભાવની અપેક્ષા રાખે છે. જેમ માખી જેવું ચૌરેન્દ્રિય પ્રાણી પણ જ્યાં મીઠાશ લાગે ત્યાંથી ખસતું નથી અને જ્યાં મીઠાશ નથી ત્યાં બેસતું નથી. ફટકડી ઉપર માખી બેસતી નથી અને સાકરમાં મીઠાશ આવે છે ત્યાંથી ઉડતી નથી તેમ આત્મા સાકરની જેમ અતીન્દ્રિય આનંદનો રસકંદ-ઢગલો છે ત્યાં જેની દૃષ્ટિ પડી છે તે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. આનંદઘનજી પણ કહે છે ને કે 'ચાખે રસ કયોં કરી છૂટે?' એકવાર રસ ચાખ્યા પછી કેમ કરીને છૂટે? ધર્મીએ અતીન્દ્રિય આનંદનો રસ ચાખ્યો પછી દેવતાની ટોળી આવીને કહે કે આમાં રસ નથી તોપણ જ્ઞાની કહે છે કે મેં અનુભવ કર્યો છે તેમાં ફેર નથી. જ્ઞાનીને પોતાના અનુભવમાં શંકા પડતી નથી.

જ્ઞાનીને સ્વભાવ પ્રત્યે સંવેગ છે અને પરભાવ-સંસાર પ્રત્યે નિર્વેગ છે. સ્વભાવની

રુચિ થઈ છે તેથી વીર્ય પણ તે તરફ જ કામ કરે છે, કેમકે 'રુચિ અનુયાયી વીર્ય.' અને જ્ઞાનીને સંસાર, શરીર અને ભોગોથી વિરક્તિ થઈ જાય છે. સંસારમાં ચારેય ગતિમાં આકુળતા છે, શરીર કારાગૃહ સમાન છે અને ઇન્દ્રિયોના ભોગો અતૃપ્તિકારી છે એમ જાણી જ્ઞાનીને વૈરાગ્ય થાય છે.

જ્ઞાનીને ભોગાદિનો થોડો રાગ આવી જાય છે પણ તેનો ખેદ થાય છે, પોતે પોતાના રાગની નિંદા કરે છે, ગુરુ પાસે ગર્હણા કરે છે.

સ્વામીકાર્તિકેય મુનિરાજ કહે છે કે જેને આત્માનું ભાન થયું અને અનંતાનુબંધીનો નાશ થયો તે ધર્મી પર્યાયમાં પોતાને તુચ્છ દેખે છે. અરે! ક્યાં ભગવાનની કેવળજ્ઞાનની દશા અને ક્યાં મુનિઓની પ્રચુર સ્વસંવેદનની દશા! તેની પાસે મારી પર્યાયમાં તો બહુ કમી છે—હું પામર છું.

સમયસાર ૫ મી ગાથામાં કુંદકુંદાચાર્યે પણ કહ્યું છે કે સર્વજ્ઞભગવાનથી માંડીને અમારાં ગુરુપર્યંત બધાં અંતર નિમગ્ન છે. તેમણે અમારા ઉપર કૃપા કરીને ઉપદેશ આપ્યો કે 'ભગવાન! તું શુદ્ધ છો' આ સાંભળી અમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું. કુંદકુંદ-આચાર્યે એમ ન લીધું કે અમારી પાત્રતા જોઈને ગુરુએ ઉપદેશ આપ્યો પણ ગુરુએ કૃપા કરીને ૧૨ અંગના સારરૂપ 'તું શુદ્ધાત્મા છો' એવો ઉપદેશ આપ્યો એમ લીધું.

શુદ્ધ ચૈતન્ય તરફ જેનો ઝુકાવ છે તેને રાગ તરફ નિંદા-ગર્હણા થાય જ. એ તેનું લક્ષણ છે. એમ ન હોય કે રાગ ભલે આવ્યો. ધર્મીને સદાય અકષાયભાવની જાગૃતિ રહે છે અને જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથ ગુરુ અને જિનવાણીની ગાઢ ભક્તિ કરે છે, સ્તુતિ, વંદના, પૂજા, સ્વાધ્યાય પણ કરે છે. આ બધાં શુભભાવ સહકારી નિમિત્ત છે એમ ધર્મી જાણે છે.

ધર્મીને સાધર્મી ભાઈ-બહેન પ્રત્યે વાત્સલ્ય આવે છે. સાધર્મીની વિશેષ દશા જોઈને દ્વેષ નથી આવતો પણ એમ થાય છે કે અહો! ધન્ય અવતાર! મારે પણ આવી દશા પ્રગટ કરવી છે. રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે કે ધર્મ ધર્મી વિના હોતો નથી. તો જેને ધર્મી ઉપર પ્રેમ નથી તેને ધર્મ ઉપર પણ પ્રેમ નથી.

સમ્યગ્દૃષ્ટિ કોઈ સાથે અન્યાયયુક્ત વ્યવહાર કરતાં નથી. સમ્યગ્દૃષ્ટિને ૪૧ પ્રકૃતિનો બંધ થતો નથી. તે તો દેવ અને મનુષ્યગતિમાં જ જન્મે છે. કદાચિત્ સમ્યગ્દર્શન પહેલાં નરક, તિર્યંચગતિનો બંધ થઈ ગયો હોય તો ત્યાં પણ સમભાવથી દુઃખ સહન કરી લે છે. સમ્યગ્દૃષ્ટિને 'બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી'. જેટલો કષાયભાવ છે તેટલું જ્ઞાનીને દુઃખ થાય છે પણ તેને ગૌણ કરીને અતીન્દ્રિય

સ્વભાવની મુખ્યતાથી આનંદને વેદે છે તેથી જ સમ્યગ્દષ્ટિ નરકમાં હોય તોપણ સુખી છે અને મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેકમાં હોય તોપણ દુઃખી છે.

સમ્યગ્દર્શન થયા પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો સમ્યગ્દૃષ્ટિ કદાચિત નરકમાં જાય તો તેને પૂર્વકૃત કર્મોની અને અશુદ્ધભાવની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી. સમ્યગ્દૃષ્ટિને પૂર્ણાનંદ સ્વભાવની જ મુખ્યતા હોવાથી-સમ્યગ્દર્શન સૂર્ય ઊગ્યો હોવાથી અવ્રતી હોવા છતાં એવા પાપ નથી બાંધતો કે જેથી તે નારકી, તિર્યંચ, સ્ત્રી, નપુંસક થાય કે નીચ ગતિ આદિ દશાને પ્રાપ્ત થાય.

સમ્યગ્દૃષ્ટિ અખંડિત પ્રતાપવંત હોય છે, વિદ્યાવંત હોય છે, જશવંત હોય છે. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. પુણ્ય પણ વધતાં જાય છે અને સમ્યગ્દૃષ્ટિનો પુરુષાર્થ પણ વધતો જાય છે.

સમ્યગ્દૃષ્ટિ સદા વિજયવંત હોય છે. સમ્યગ્દૃષ્ટિ કહે છે કે અમારો જે વિજય છે, એમ કદી પાછા પડીએ તેમ નથી. રાગ અને કર્મ અમને હરાવી શકે તેમ નથી. સમ્યગ્દૃષ્ટિની ભાવના એવી જોરદાર હોય છે કે પુરુષાર્થ કરીને ક્યારે ચારિત્ર પ્રગટ કરું અને કેવળજ્ઞાન લઉં? તેને એવી શંકા ન હોય કે કર્મ મને હેરાન કરશે તો! ભવ હશે તો! એવી શંકા ન હોય.

જેણે પોતાના આત્માને મુખ્ય કર્યો છે તેવા સમ્યગ્દૃષ્ટિ બહારમાં પણ બધામાં મુખ્ય ગણાય છે. જેમ હીરા કોથળામાં ન રખાય, મખમલની ડબીમાં જ હીરા રખાય. તેમ સમ્યગ્દૃષ્ટિ પુણ્યવંત માતા-પિતાને ત્યાં જ જન્મ લે. હલકા ઘરે ન જન્મે. સમ્યક્ત્વની ભૂમિકામાં જે પુણ્ય બંધાય છે તેવું પુણ્ય મિથ્યાત્વ ભૂમિકામાં અનંતકાળમાં ક્યારેય બંધાતું નથી. સમ્યગ્દૃષ્ટિના પુણ્યની જાત જ જુદી હોય.

હવે યોગીન્દુ મુનિરાજ કહે છે કે સર્વ વ્યવહારને છોડીને સ્વરૂપમાં રમણ કર!

આત્મસ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;
સમ્યગ્દૃષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવ પાર. ૮૯.

જેને સ્વભાવમાં એકતા થઈ છે તે સમ્યગ્દૃષ્ટિ, દૃષ્ટિ અપેક્ષાએ રાગથી મુક્ત જ છે. જ્ઞાનીને દૃષ્ટિમાં કે દૃષ્ટિના વિષયમાં ક્યાંય વ્યવહાર નથી. વ્યવહાર છે ખરો પણ જેમ પરદ્રવ્ય છે તેમ વ્યવહાર છે.

પ્રભુ-આત્મામાં ત્રણકાળના સમય કરતાં અનંતગુણા ગુણો છે તેમાં સમ્યગ્દૃષ્ટિ રમણ કરે છે અને શીઘ્ર સંસારથી પાર થઈ જાય છે.

લોકો ચોપડામાં લખે છે કે 'લાભ સવાયા' એ તો ધૂળના લાભની વાત છે. સમ્યગ્દૃષ્ટિ તો પોતાના અનંતગુણોની શુદ્ધિમાં વૃદ્ધિ થાય તેમાં પોતાને લાભ માને છે. એ લાભ સવાયો નહિ પણ અનંતગુણો છે.

હું વસ્તુએ સર્વ શુદ્ધ–પરિપૂર્ણ શુદ્ધ છું. દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે તેથી દૃષ્ટિ પૂર્ણનો જ સ્વીકાર કરે છે. બનારસીદાસ લખે છે કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' વ્યવહારદૃષ્ટિમાં કર્મનો સંયોગ છે પણ તે તો ત્યાગવા યોગ્ય છે.

જ્ઞાની સંસારમાં એક ક્ષણ પણ રહેવા માગતા નથી. એક ચૈતન્ય જ શરણરૂપ છે બાકી સંસારમાં કોઈ શરણરૂપ નથી. કેટલાક વર્ષો પહેલા એક બનાવ બન્યો હતો. ૫૦૦–૬૦૦ માણસોનો કાફલો જંગલમાં થઈને નીકળ્યો હતો, ત્યાં જંગલમાં બે જુવાન છોકરાને કોલેરા થઈ ગયો, ચાલવાની શક્તિ નહિ, તેને કોણ ઊંચકે? સગા મા–બાપ બેયને એકલા જંગલમાં છોડીને બધાં સાથે ચાલ્યા ગયા! કોણ શરણ છે?

સમ્યગ્દૃષ્ટિને સકલ ચારિત્ર નથી પણ ચારિત્રની પ્રતીતિ બરાબર થઈ ગઈ છે કે સ્વરૂપમાં રમણતા તે ચારિત્ર છે અને ચારિત્ર વિના મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. સમ્યગ્દૃષ્ટિ બધો વ્યવહાર છોડી સ્વરૂપનું ધ્યાન કરે છે. અનુભવ કરે છે અને તેમાં જ સ્થિર થવા જેવું છે એમ માને છે. સ્વરૂપથી બહાર નીકળવું તે દુઃખ છે, રોગ છે, શોક છે પણ સ્થિર થઇ શકાતું નથી તેથી બહાર વ્યવહારમાં આવે છે. સાધુ પણ સ્વરૂપમાં ઉપયોગ ન ટકે ત્યારે સ્વાધ્યાય સ્તુતિ–સંયમ–પ્રભાવના આદિ શુભ વ્યવહારમાં આવે છે પણ સુખરૂપ તો સ્વરૂપલીનતા જ છે એમ માને છે. બહાર વ્યવહારમાં તેમને હોંશ આવતી નથી, ઉલ્લસિત વીર્ય તો સ્વભાવ તરફ ઢળેલું છે. તેથી વ્યવહારમાં ઉદાસીનતા છે. આદર નથી.

મુનિને જેમ જેમ આત્મધ્યાનની શક્તિ વધતી જાય છે તેમ તેમ વ્યવહાર છૂટતો જાય છે. મુનિરાજને એટલી શુદ્ધિ તો પ્રગટી જ ગઈ છે કે અંતર્મુહૂર્તથી વધુ સમય બહાર ઉપયોગ જોડતા નથી. વિકલ્પ આવે છે પણ તેમા તત્પરતા નથી. કમજોરીથી આવે છે પણ ભાવના તો વારંવાર શુદ્ધ સ્વરૂપમાં ઠરી જવાની રહે છે. વિકલ્પ આવે છે તેનો ખેદ થાય છે. જયધવલમાં આવે છે કે શુદ્ધઉપયોગની પ્રતિજ્ઞા કરી છે છતાં આહારનો રાગ આવ્યો તેમાં મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે માટે હું ફરી શુદ્ધ-ઉપયોગની પ્રતિજ્ઞા કરું છું. મારે તો શુદ્ધ-ઉપયોગમાં જ રહેવું છે. અહો! આવી દશા તે યથાર્થ મોક્ષમાર્ગ છે, સ્વરૂપ લીનતા તે જ મોક્ષનો ઉપાય છે. તેમાં વચ્ચે વ્યવહારના વિકલ્પ આવે પણ તે બંધનું કારણ છે, તેનાથી દૂર થવ.

સમ્યગ્દૃષ્ટિ–તત્ત્વજ્ઞાની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવ જોઈને પોતાનો સહજ પુરુષાર્થ કામ કરે તે જોઈને પ્રતિજ્ઞા કરે છે. લોકોની સાથે વેગમાં આવીને કોઈ જાતની પ્રતિજ્ઞા કરતા નથી. જ્યાં સુધી સહજ વૈરાગ્ય ન આવે ત્યાં સુધી શ્રાવકપણે રહીને પોતાના પરિણામ અનુસાર દર્શનપ્રતિમા આદિનું પાલન કરે છે અને આત્માનુભવ માટે વધુ ને વધુ સમય મેળવતાં રહે છે.

મોક્ષપાહુડમાં કુંદકુંદ આચાર્ય કહે છે કે—

પોતાના શુદ્ધ દ્રવ્યની રુચિ થવી તે સુગતિ છે અને પરદ્રવ્ય, પરભાવની રુચિ થવી તે દુર્ગતિ છે. દુર્ગતિ નામ પોતાના સ્વભાવથી વિપરીત ગતિ છે.

યોગીન્દુ મુનિરાજ દેવસેન આચાર્યકૃત તત્વસારનો આધાર આપે છે કે જ્યાં સુધી જીવ પરદ્રવ્યના વ્યવહારમાં રહે છે ત્યાં સુધી ભવ્ય જીવ કઠણ–કઠણ તપ કરતો હોય તોપણ મોક્ષ પામતો નથી અને જે પોતાના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં સ્વભાવનો લાભ મેળવે છે તે શીઘ્ર મુક્તિને પ્રાપ્ત થાય છે. (ક્રમશઃ) —o—

[રાગનો કર્તા આત્મા...પાનું ૨૧ થી ચાલુ]

તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. જો ત્રિકાળીના શ્રદ્ધા-જ્ઞાન નથી તો તેને પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી. ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાન વિના પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી.

તેથી અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય–સામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

—※—

## સુવર્ણપુરી સમાચાર :—

※ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મતીર્થભૂમિ સુવર્ણપુરીમાં ધાર્મિક કાર્યક્રમો નિયમિત રીતે ચાલી રહ્યા છે. અત્યારે શ્રી જિનેન્દ્રપૂજા, શ્રી સમયસારના મોક્ષ અધિકાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ગહન–રહસ્યોદ્ઘાટક આધ્યાત્મિક ટેઈપ–પ્રવચન, પુરુષો માટે પંચાધ્યાયી ઉપર ધાર્મિક શિક્ષણ વર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, સાંજે શ્રી યોગસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેઈપ પ્રવચન—એ રીતે ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

※ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત સ્વાનુભવમંડિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મ સાધના સહ કુશલતા પૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. મહેમાનોને તેમજ સ્થાનીક મુમુક્ષુઓને તેઓશ્રીના પવિત્ર દર્શન તથા અધ્યાત્મરસભરી અનુપમ વાણીનો અમૂલ્ય લાભ ક્યારેક ક્યારેક મળતો રહે છે.

※ આસો વદ ૧૧, શુક્રવાર, તા. ૮–૧૧–૮૫ થી કાર્તિક વદ ૦)), મંગળવાર તા. ૧૨–૧૧–૮૫ સુધી શ્રી મહાવીર નિર્વાણ વાર્ષિક મહોત્સવ પંચકલ્યાણક વિધાન પૂજાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

※ કાર્તિક સુદ ૮, મંગળવાર, તા. ૧૯–૧૧–૮૫ થી કાર્તિક સુદ ૧૫, બુધવાર તા. ૨૭–૧૧–૮૫ નવ દિવસ સુધી શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા મહોત્સવ નવપ્રતિષ્ઠિત શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર–વિધાનપૂજાપૂર્વક અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

—o—

# * હું સદા જ્ઞાયક જ છું *

'શુભાશુભ ભાવથી જુદો હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. ૨૭૬.

[ 'બહેનશ્રીના વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'શુભાશુભ ભાવથી જુદો હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું.**

'જ્ઞાન' લક્ષણથી ઓળખાતો આ ભગવાન આત્મા શરીર, ઇંદ્રિયો, ઇંદ્રિયના વિષયો અને કર્મથી તો તદ્દન ભિન્ન છે જ, પણ અંદર જે સ્વાધ્યાય, વાંચન, વિચાર, દયા, દાન, વ્રત વગેરેના શુભભાવ તથા વિષય, કષાય, હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ વગેરેના અશુભભાવ થાય છે તેનાથી પણ જુદો છે; તે વિભાવભાવો આત્માનું મૂળ સ્વરૂપ નથી. અહા! આ વાત કેમ બેસે? ભાઈ! ત્રણ લોકના નાથ શ્રી સર્વજ્ઞ ભગવાને કહી છે તે આ વાણી છે. ભગવાને નવ તત્ત્વ કહ્યાં છે ને?—જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. તેમાં શુભભાવ તો પુણ્યતત્ત્વમાં અને અને અશુભભાવ પાપતત્ત્વમાં જાય છે, આત્મા તો એ નવેય તત્ત્વોથી ભિન્ન સહજ જ્ઞાયકતત્ત્વ છે.

અરે! વાણિયાને વેપાર-ધંધા આડે આ વાત સાંભળવાની નવરાશ ન મળે! આ કરવું છે ને તે કરવું છે—એમ આખો દિવસ જગતને પાપના ધંધા! ક્યારેક એકાદ કલાક ધર્મ સાંભળવા જાય, ત્યાં ઉપદેશકો ઊંધા લાકડાં ખોસે—વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો તમારું કલ્યાણ થઈ જશે પણ ભાઈ! એ બધું તો, કષાયની મંદતા કરી હોય તો શુભરાગ છે. રાગ કરવાની વીતરાગની આજ્ઞા નથી. વીતરાગની આજ્ઞા એ છે કે—અમે અમારા જ્ઞાયક-સ્વભાવના અવલંબનથી વીતરાગતા પામ્યા છીએ. તો તમને પણ દયા આદિના રાગથી ભિન્ન તમારા જ્ઞાયકસ્વભાવનું અવલંબન લેવાનું કહીએ છીએ.

શુભાશુભ રાગભાવ અત્યંત અશુચિ છે, વિપરીત સ્વભાવવાળા છે અને દુઃખરૂપ છે; ભગવાન જ્ઞાયક આત્મા અત્યંત પવિત્ર છે, અવિરુદ્ધસ્વભાવવાળો છે અને સુખરૂપ છે. ત્રિકાળી જ્ઞાયકદ્રવ્ય રાગનું કારણ પણ નથી ને કાર્ય પણ નથી. રાગની મંદતા હોય તો સમ્યગ્દર્શનરૂપ કાર્ય થાય—એમ નથી. અહા! આવી વાત છે. માણસોનાં માથાં ફરી જાય એવું છે! પણ બાપુ? ભગવાનની દિવ્ય ધ્વનિમાં આત્માનું સ્વરૂપ આમ આવ્યું છે. ભગવાને તને 'ભગવાન' કહીને બોલાવ્યો છે. આચાર્યદેવે પામરને પ્રભુ તરીકે સંબોધ્યો છે. આ વાત સાંભળતાં જગતની બધી હોંશું ઊડી જાય એવું છે. અહા! શુભાશુભ ભાવોથી ભિન્ન હું સદા જ્ઞાયક જ છું—એ દરેક પ્રસંગમાં યાદ

રાખવું જોઈએ, અંદર પરિણમનમાં એ ઘુંટાઈ જવું જોઈએ.

**'ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્ય જીવની સાર્થકતા છે.'**

રાગથી ભિન્ન પડવાનો અભ્યાસ અંતરમાં કરવો એ જ આ મનુષ્ય જીવનનું મહાન કર્તવ્ય છે; જો ભેદજ્ઞાનનો અભ્યાસ ન કર્યો તો આ દુર્લભ મનુષ્યભવ એળે જશે. બહારમાં પુણ્યયોગે પાંચ-પચ્ચીસ કરોડ—ધૂળ મળે એમાં તને શું મળ્યું? એ તો બધા પુદ્‌ગલના ખેલ છે. લક્ષ્મી વગેરેથી તો તું અત્યંત જુદો જ છો, પણ શુભાશુભ રાગથી પણ તું જુદો છો. એવો અંદરમાં ભેદજ્ઞાનનો અભ્યાસ રાખજે. તેમાં તારા મનુષ્ય જીવનની સાર્થકતા છે.

—o—

## પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સમાધિ દિન પ્રસંગે સોનગઢમાં પાંચ દિવસનો

## * ધાર્મિક કાર્યક્રમ *

તા. ૩૦-૧૧-૮૫ થી તા. ૪-૧૨-૮૫

આપણા પરમ તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો પાંચમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૨, કારતક વદ ૭, બુધવાર, તા. ૪-૧૨-૮૫ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૩૦-૧૧-૮૫ શનિવારથી તા. ૪-૧૨-૮૫, બુધવાર—એમ પાંચ દિવસ સુધી 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતા ટેપ તથા વિડિયોપ્રવચન અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈબહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્રભગવંતોનાં દર્શન-પૂજન-ભક્તિનો તથા પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શન વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

## વૈરાગ્ય સમાચાર :—

* પોરબંદર નિવાસી સ્વ. મગનલાલ ભુરાલાલ કોઠારીના ધર્મપત્નિ લીલાવંતીબેન (વર્ષ ૬૨) તા. ૭-૧૦-૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધ્રાંગધ્રા નિવાસી (હાલ સોનગઢ) બ્રહ્મચારી ચંદ્રાબેન છોટાલાલ ડામરશી શાહ (વર્ષ ૫૫) તા. ૧૯-૧૦-૮૫ના રોજ દેવ-શાસ્ત્ર-ગુરુના બહુમાન અને જાગૃતિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. આત્મકલ્યાણની ભાવનાપૂર્વક તેઓએ ૩૭ વર્ષ સોનગઢમાં ગોગીદેવી બ્ર. શ્રાવિકાશ્રમમાં રહીને લાભ લીધો હતો.

* મીયાગામ-કરજણ નિવાસી શ્રી નરેન્દ્રકુમાર શાંતિલાલ પરમાણંદાસ શાહ (વર્ષ ૩૪) તા. ૨૯-૧૦-૮૫ના રોજ સ્વર્ગવાસ યામ્યા છે.

* અમદાવાદનિવાસી બેંક મેનેજર શ્રી ચંદ્રકાંત મનસુખલાલ જીવણલાલ શેઠ (વર્ષ-૩૨) તા. ૧૨-૧૧-૮૫ના રોજ દિવાળી-પ્રસંગે સોનગઢ આવતાં, વહેલી સવારે સોનગઢ રેલ્વે સ્ટેશને ઉતરતાં ટ્રેઈન અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની રુચિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. અમદાવાદ મુમુક્ષુ મંડળના તેઓ ઉત્સાહી ધર્મપ્રેમી સક્રિય સભ્ય હતા.

—સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાની પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના....

**ગતાંકની શુદ્ધિ** :—પાનું-૧૦, ૧૯ મી લાઈનમાં

'પર્યાયદૃષ્ટિ કર' ને બદલે 'પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કર'—એમ સુધારવું.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને બેસતા વર્ષે હીરાથી વધાવવાનો લાભ મળવાની ખુશાલીમાં સાવરકુંડલા નિવાસી શ્રી લહેરચંદભાઈ હરજીવનદાસ દોશી પરિવાર તરફથી રૂ. ૫૦૦૧/- સંસ્થાના વિવિધ દાન ખાતાઓ માટે જાહેર કરવામાં આવ્યા છે.

# પ્રભુ! તારામાં ને સિદ્ધમાં કાંઈ તફાવત નથી

જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું? (તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી).

[ શ્રી નિયમસાર શ્લોક–૭૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે. તેમનામાં ભેદ કયા નયથી જાણું?—એમ કહીને વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયની કાંઈ ગણતરી જ કરી નથી. અરે પ્રભુ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું?—વ્યવહારનયથી....પણ વ્યવહાર કાંઈ ગણતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું? કઈ નયથી ફેર પાડું? વ્યવહારનયની તો ગણતરી જ નથી.

અરે પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છો ને! તારી સત્તા છે....છે....છે....ત્યાં નજર જતી નથી. નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો આચાર્યદેવ કહે છે કે સંસારીમાં ને સિદ્ધમાં કઈ નયથી ભેદ પાડું? શુદ્ધનયને જ ગણવામાં–ગણતરીમાં લેવામાં આવી છે, વ્યવહારનો તો ઉપહાસ કરવામાં આવ્યો છે. સંસારીમાં ને સિદ્ધમાં કાંઈ પણ ભેદ નથી. તો કઈ નયથી ભેદ જાણું?

ચાહે તો નિગોદના જીવ હો કે સિદ્ધ હો—બેમાં ભેદ કઈ નયથી પાડું? વ્યવહાર તો કાંઈ ગણતરીમાં છે જ નહીં. વ્યવહારનયને અભૂતાર્થ કહીને ગૌણ કરીને ઉડાડી દીધી. ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો, પોતાનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું તો કહે છે કે સુબુદ્ધિ ને કુબુદ્ધિ તે બેમાં ભેદ કઈ નયથી જાણું? પોતાના આનંદના નાથના સ્વીકાર આગળ સર્વ જીવો આનંદસ્વરૂપ ભાસે છે, ભગવાનસ્વરૂપે ભાસે છે, તો તેમાં કઈ નયથી ભેદ પાડું?

પ્રભુ! પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં કઈ નયથી ભેદ પાડું? આહાહા! દિગંબર સંતોના શબ્દો પણ ગજબ છે. બે–ચાર શબ્દો હોય પણ ઠેઠ અંદર ઉતારી દે. કહે છે કે બેમાં કઈ નયથી ભેદ પાડું?

અંતરનો નાથ અપ્રતિહતભાવે અનાદિ સત્તાના સામર્થ્યથી પોતાના ચૈતન્યધામમાં બિરાજમાન છે તો હું સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં કઈ નયથી ભેદ પાડું? સાતમી નરકમાં ને નિગોદમાં અનંતવાર ગયો પણ નિગોદના જીવ ને સિદ્ધમાં કઈ નયથી હું ભેદ

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૭ ]

# * આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* વિષય-કષાયથી વિરકત થઈને મિથ્યાદષ્ટિ જે ફળ પ્રાપ્ત કરે છે તેનાથી લાખગુણું ફળ વિષય સંયુકત સમ્યગ્દષ્ટિ સહજ જ પ્રાપ્ત કરે છે —એમ શ્રી જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૭૪)

* આ આત્મા કર્મકૃત ભાવોથી સંયુકત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુકત જેવો પ્રતિભાસે છે. અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારનું બીજ છે. (શ્રી અમૃતચંદ્ર આચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, શ્લોક-૧૪)

* વર્તમાન કાળમાં મનુષ્યોનું આયુષ્ય અલ્પ અને બુદ્ધિ અતિશય મંદ થઈ ગઈ છે તેથી તેમનામાં સમસ્ત શ્રુતના અભ્યાસની શક્તિ રહી નથી. આ કારણે તેમણે અહીં એટલા જ શ્રુતનો પ્રયત્ન પૂર્વક અભ્યાસ કરવો જોઈએ કે જે મોક્ષનું બીજભૂત થઈને આત્માનું હિત કરનાર થાય. (શ્રી પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૨૭)

* ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ દેખવામાં આવે છે, જાણવામાં આવે છે અને અનુભવ કરવામાં આવે છે તે બધું આત્માથી બાહ્ય, નાશવાન તથા ચેતના રહિત છે. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, શ્લોક-૪૪)

* જેને અન્ય કોઈ પણ પ્રયોજનની અપેક્ષા-જરૂરિયાત મટી ગઈ છે, માત્ર ગુણ-દોષને વિષે જ ગ્રહણ-ત્યાગ વર્તે છે તે જ પુરુષ જ્ઞાનીઓમાં પ્રધાન—શ્રેષ્ઠ છે. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન શ્લોક-૧૪૫)

કહાન સંવત-૫ [૫૦૫] * આત્મધર્મ * [અંક : ૫ વર્ષ : ૪૨]

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012